દાખલ તારીખ :-૧૬/૦૮/૨૦૦૪
ફેંસલ તારીખ :-૨૪/૧૦/૨૦૨૪
સમયગાળો :- વર્ષ મહિના દિવસ
૨૦ ૦૨ ૦૮

# અમદાવાદ શહેરના ૫માં અધિક મુખ્ય જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ, કોર્ટ નં.૧૯, અમદાવાદ.

---

## ફોજદારી કેસ નંબર:-૨૬૪૪/૨૦૦૪

(ચુકાદાની તારીખ:-૨૪/૧૦/૨૦૨૪)

**આંક-૧૫**

| | એફ.આઈ.આર.ની વિગતો /ગુનો અને પોલીસ સ્ટેશન |
|---|---|
| પોલીસ સ્ટેશન :- | ઘાટલોડીયા પોલીસ સ્ટેશન, ફ. ગુના રજીસ્ટર નં.૧૭૮/૨૦૦૪ |
| ગુનો :- | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૩૮૮, ૧૧૪ |

**FORM-A**

| | |
|---|---|
| તહોમતનામા મુજબ તહોમત :- | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૩૮૮, ૧૧૪ |
| ફરિયાદી :- | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદી- કીર્તિકુમાર કરશનભાઈ પટેલ) |
| વિ.એ.પી.પી.શ્રી :- | શ્રી કે. કે. યોગી |
| આરોપી :- | પરસોતમભાઈ ઉર્ફે દાસભાઈ ગુસાભાઈ પટેલ,<br>રહે. હિરાવાડી, અમદાવાદ. |
| આરોપી તરફે વિ.વકીલશ્રી :- | શ્રી એસ.એન.પટણી |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ :- | તા.૧૦/૦૬/૨૦૦૪ |
| ફરિયાદની તારીખ :- | તા. ૧૧/૦૬/૨૦૦૪ |
| ચાર્જશીટની તારીખ :- | તા.૧૬/૦૮/૨૦૦૪ |
| તહોમત ફરમાવ્યાની તારીખ :- | તા.૨૮/૦૨/૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ :- | તા.૧૯/૦૪/૨૦૨૩ |
| કેસ જજમેન્ટ ઉપર આવ્યાની તારીખ :- | તા.૩૦/૦૯/૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. |

## આરોપીની વિગતો :-

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પરસોતમભાઈ ઉર્ફે દાસભાઈ ગુસાભાઈ પટેલ | ૧૨/૦૬/૨૦૦૪ | જામીન મુકત | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૩૮૮, ૧૧૪ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | .... | ..... |

**FORM-C**

## <u>ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>

### (એ) <u>ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો</u>

**-: <u>મૌખિક પુરાવો</u> :-**

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | વિપુલભાઈ ડાહ્યાભાઈ પારેખ | પંચ સાહેદ | ૦૫ |
| ૨. | મહેશકુમાર શંકરલાલ પંચાલ | પંચ સાહેદ | ૦૭ |
| ૩. | બાબુલાલ ઉર્ફે પ્રકાશચંદ્ર શંકરલાલ મહેતા | સાહેદ | ૦૯ |
| ૪. | કીર્તિકુમાર કરશનભાઈ પટેલ | ફરિયાદી | ૧૦ |

### (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| - | - | - |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| - | - | - |

**ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ | ૦૬ |
| ૨. | ફરિયાદીના સહીના નુમનાઓ લેવાના હોય તે અંગેનું પંચનામુ | ૦૮ |
| ૩. | ફરિયાદ | ૧૧ |
| ૪. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૧૨ |
| ૫. | દસ્તાવેજ કબજે કર્યાનું પંચનામુ | ૧૩ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**<u>મુદ્દામાલની વિગત</u>**

**<u>મુદ્દામાલ પાવતી નં.૧૦૮/૨૦૦૪, તા.૧૩/૦૬/૨૦૦૪</u>**

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | એક ટેલીફોન ડાયરી |
| ૨. | ૨ | પરચુરણ કાગળો |

**<u>મુદ્દામાલ પાવતી નં.૧૪૦/૨૦૦૪ , તા.૨૧/૦૭/૨૦૦૪</u>**

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | સુહાગન હોટલનું વિઝીટર રજીસ્ટર દસ્તાવેજ |

## -: <u>ચુકાદો</u> :-

(૧.૦૦) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે તા.૧૦/૦૬/૨૦૦૪ ના કલાક-૧૯:૩૦ થી કલાક-૨૧:૩૦ વાગ્યા દરમ્યાન સહ આરોપી બાઈએ ઘાટલોડીયા સોલા રોડ પેટ્રોલપંપ નજીક રોડ ઉપરથી ફરિયાદી- કીર્તિકુમાર કરશનભાઈ પટેલ પોતાના સ્કુટર ઉપર પસાર થતા હતા ત્યારે ફરિયાદીને સહ આરોપી બાઈએ રૂમાલ બતાવી ફરિયાદીના મોઢા ઉપર રૂમાલ ભંગોડી સ્કુટર ઉભું રખાવી શંકર ભુવન જવું છે તેમ કહી ફરિયાદીના સ્કુટર પર બેસી જઈ અને શંકરભુવન પસાર થવા છતાં સ્કુટર ઉભુ રાખવા જણાવેલ નહિં અને હીરાવાડી ખાતે આવેલ સુહાના રેસ્ટોરન્ટ ગેસ્ટ હાઉસ રૂમ નં.૨૦૫ માં લઈ જઈ ફરિયાદીનો શર્ટ ઉતારી સહ આરોપી બાઈએ પોતાના કપડા કાઢી નાંખી ફરિયાદી તેની ઈજ્જત લેવાનો હોય તેવો આરોપ મુકવાની ગર્ભિત ધમકી આપી ફરિયાદીના ખિસ્સામાંના રૂ.૭ થી ૮ હજાર કાઢી લઈ તેમજ હાથમાં પહેરેલ સોનાની વીંટી રૂ.૫૦૦૦/- ની મતાની કાઢી લઈ, ફરિયાદી રૂમમાંથી નીચે ઉતરી જતા આરોપી તથા હોટલ ઉપર રહેતા ભુરીયા જેવા સહ આરોપીએ ફરિયાદી પાસે બીજા વધુ પૈસાની માંગણી કરેલ અને બાદમાં ફરિયાદીએ થોડી વારે સાહેદો સાથે સુહાના હોટલ એન્ડ ગેસ્ટ હાઉસ પર આવતાં આરોપીને તે બાઈ વિશે પૂછતા તમો તમારી જાતે ગોતી લો હું નહિં કહું તમારાથી થાય તે કરી લેજો તેવી ધમકીઓ આપેલ હતી. આથી, ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ ધોરણસરની ફરિયાદ આપેલ હતી અને તેનાં અનુસંધાને ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં ફ. ગુના રજીસ્ટર નં.૧૭૮/૨૦૦૪ થી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૩૮૮, ૧૧૪ મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો.

(૨.૦૦) આ કામે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (''સંહિતા'') ની કલમ-૧૬૧ અન્વયે સંબંધીત સાહેદોના નિવેદનો નોંધી અને તપાસનાં અંતે આરોપીની સંડોવણી ખુલતા તથા હાલનાં આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોય, સંહિતાની કલમ-૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતું.

(૩.૦૦) આ કામમાં તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતા, સંહિતા ની કલમ-૧૯૦(૧)(બી) પ્રમાણે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપીની સામે સંહિતાની કલમ - ૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતો. આરોપીને સમન્સ બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ અને સંહિતાની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આ અદાલત ધ્વારા આંક-૦૩ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીની આંક-૦૪ થી પ્લી નોંધવામાં આવેલ અને આરોપીએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતાં, તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

(૪.૦૦) ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત ફોર્મ–સીમાં વર્ણવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વિ.એપીપીશ્રીની મૌખીક વિનંતીથી તથા મુળ ફરિયાદીની આંક–૧૪ ની પુરાવો પુરો થયાની પુરશીષથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫.૦૦) ત્યારપછી આરોપીની વિરુધ્ધની પુરાવાની કોઈ હકીકતો રેકર્ડ ઉપર આવેલ ન હોય, સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬.૦૦) ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવી.

(૭.૦૦) આ કેસની હકીકત ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે તા.૧૦/૦૬/૨૦૦૪ ના કલાક–૧૯:૩૦ થી કલાક–૨૧:૩૦ વાગ્યા દરમ્યાન સહ આરોપી બાઈએ ઘાટલોડીયા સોલા રોડ પેટ્રોલપંપ નજીક રોડ ઉપરથી ફરિયાદી પોતાના સ્કુટર ઉપર પસાર થતા હતા ત્યારે ફરિયાદીને સહ આરોપી બાઈએ રૂમાલ બતાવી ફરિયાદીના મોઢા ઉપર રૂમાલ ભંગોડી સ્કુટર ઉભું રખાવી શંકર ભુવન જવું છે તેમ કહી ફરિયાદીના સ્કુટર પર બેસી જઈ અને શંકરભુવન પસાર થવા છતાં સ્કુટર ઉભુ રાખવા જણાવેલ નહિં અને હીરાવાડી ખાતે આવેલ સુહાના રેસ્ટોરન્ટ ગેસ્ટ હાઉસ રૂમ નં.૨૦૫ માં લઈ જઈ ફરિયાદીનો શર્ટ ઉતારી સહ આરોપી બાઈએ પોતાના કપડા કાઢી નાંખી ફરિયાદી તેની ઈજ્જત લેવાનો હોય તેવો આરોપ મુકવાની ગર્ભિત ધમકી આપી ફરિયાદીના ખિસ્સામાંના રૂ.૭ થી ૮ હજાર કાઢી લઈ તેમજ હાથમાં પહેરેલ સોનાની વીંટી રૂ.૫૦૦૦/– ની મતાની કાઢી લઈ, ફરિયાદી રૂમમાંથી નીચે ઉતરી જતા આરોપી તથા હોટલ ઉપર રહેતા ભુરીયા જેવા સહ આરોપીએ ફરિયાદી પાસે બીજા વધુ પૈસાની માંગણી કરેલ અને બાદમાં ફરિયાદીએ થોડી વારે સાહેદો સાથે સુહાના હોટલ એન્ડ ગેસ્ટ હાઉસ પર આવતાં આરોપીને તે બાઈ વિશે પૂછતા તમો તમારી જાતે ગોતી લો હું નહિં કહું તમારાથી થાય તે કરી લેજો તેવી ધમકીઓ આપી, ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૮૮, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭.૦૧) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે:

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮.૦૦) ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે :

:: કા ર ણો ::

(૮.૦૧) **મુદ્દા નં.૧ અને ૨:**

આ કામમાં આરોપીની સામે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૮૮, ૧૧૪ મુજબનાં ગુનાનું તહોમત છે. ફરિયાદ પક્ષે આરોપીની સામેનાં તહોમતને પુરવાર કરવા માટે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું પૃથ્થકરણ કરતા પહેલા અત્રે એ નોંધવુ જરૂરી છે કે ફોજદારી ન્યાયશાસ્ત્રના ત્રણ સિધ્ધાંતો મુખ્યત્વે પ્રસ્થાપિત થયેલ છે, જેમાં (૧) ફરીયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો હોય છે ; (૨) આરોપી નિર્દોષ હોવાનું માનવાનું છે ; અને,(૩) ફરિયાદ પક્ષના પુરાવાનો બોજો કયારેય તબદીલ થતો નથી. આ રીતે, ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંતો લક્ષમાં રાખી આ કેસમાં ફરિયાદ પક્ષે જે કોઈ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેનું મુલ્યાંકન કરવાનું રહે છે.

(૮.૦૨) આ કામે ફરિયાદ પક્ષ તરફથી ફરિયાદી–કીર્તિકુમાર કરશનભાઈ પટેલનો આંક–૧૦ થી સોગંદ ઉપર પુરાવો નોંધવામાં આવેલ છે અને તે જોવામાં આવે તો તેઓએ મુખ્યત્વે એવું જણાવેલ છે કે બનાવ તા.૧૦/૦૬/૨૦૦૪ ના રોજ સાંજના સુમારે તેઓ ઘાટલોડીયા રોડ ઉપરથી સ્કુટર ઉપર પસાર થતા હતા ત્યારે કોઈક અજાણ્યા ઈસમે રૂમાલ બતાવી સ્કુટર ઉભું રખાવી તેઓએ તેઓને બાપુનગર જવાનું હોય એવું કહી તેઓના સ્કુટર પાછળ બેસી મેમકો ગેસ્ટહાઉસ પાસે સ્કુટર ઉભું રખાવી તેઓની પાસે રહેલ પૈસા અને સોનાની વીંટી પડાવી લીધેલ અને તે સિવાય બીજું કંઈ બનેલ નહી. ફરિયાદીએ વધુમાં જણાવેલ છે કે તેઓની પાછળ સ્કુટર ઉપર બેસનાર ઈસમને તેઓ જોયેથી ઓળખી શકે નહી. હવે ફરિયાદીની ઉલટતપાસ જોઈએ તો તેઓ એ સૂચનનો સ્વિકાર કરે છે કે સ્કુટર પર બેસનાર વ્યકિત કોણ હતો તે તેઓને ખ્યાલ નથી અને આરોપીએ તેઓની પાસેથી બળજબરીપૂર્વક પૈસા કે વીંટી પડાવી લીધેલ હોય તેવું કંઈ બનેલ નથી. આમ, આ ફરિયાદ પક્ષનાં સૌથી મહત્વનાં કહી શકાય તેવા મુળ ફરીયાદીના પુરાવાને વંચાણે લેતા એ જણાય છે કે તેઓએ આંક–૧૧ વાળી ફરિયાદ કરેલ હતી પરંતુ તે ફરિયાદની હકીકતો તેઓએ તેઓના મૌખિક પુરાવામાં જણાવેલ નથી. આમ, ફરિયાદીએ ફરિયાદ પક્ષનાં કેસની કે ફરિયાદની કે બનાવની હકીકતોને સમર્થન આપેલું ન હોય, ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષના કેસને કોઈ પણ રીતે મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૮.૦૩) વધુમાં ફરિયાદ પક્ષ તરફથી સાહેદ–બાબુલાલ ઉર્ફે પ્રકાશચંદ્ર શંકરલાલ મહેતાનો આંક–૦૯ થી સોગંદ ઉપર પુરાવો નોંધવામાં આવેલ છે અને તે જોવામાં આવે તો તેઓએ ફરિયાદ

પક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી અને વિમુખ થયેલા છે અને મુખ્યત્વે એવું જણાવેલ છે કે તેઓ ફરિયાદી તથા આરોપીને ઓળખતા નથી. આ સાહેદે વધુમાં જણાવેલ છે કે સને-૨૦૦૪ માં ફરિયાદી તથા આરોપી વચ્ચે બનાવ શું બનેલ હતો તેની તેઓને ખબર નથી. આમ, આ સાહેદે ફરિયાદ પક્ષનાં કેસની કે ફરિયાદની કે બનાવની હકીકતોને સમર્થન આપેલું ન હોય, આ સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ હોવાનું સ્વિકારી શકાય તેમ નથી.

(૮.૦૪) ત્યારબાદ આ કેસમાં ફરિયાદ પક્ષ ધ્વારા આંક-૦૬ વાળા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાને પુરવાર કરવા માટે પંચ સાહેદ-વિપુલભાઈ ડાહયાભાઈ પારેખ (આંક-૦૫) તથા આંક-૦૮ વાળા ફરિયાદીના સહીના નુમનાઓ લેવાના હોય તે અંગેના પંચનામાને પુરવાર કરવા માટે પંચ-મહેશકુમાર શંકરલાલ પંચાલ (આંક-૦૭) નાઓને તપાસવામાં આવેલ છે અને આ પંચ સાહેદો સહી કર્યા સિવાય બીજુ કંઈ જાણતા નથી અને તેઓએ પંચનામામાં માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ છે. આમ, આ સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષનાં કેસની કે પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલું નથી અને તેથી આંક-૦૬ અને આંક-૦૮ વાળા પંચનામાની હકીકતો પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ રહેલ નથી.

(૮.૦૫) આ કામે બચાવ પક્ષની સંમતિથી બનાવવાળી જગ્યાનું પંચનામુ (આંક-૧૨) અને દસ્તાવેજ કબજે કર્યાનું પંચનામુ (આંક-૧૩) રજુ થયેલ છે. આ દસ્તાવેજી પુરાવાની હકીકત લક્ષમાં લેવામાં આવે તો પણ આ કામે ફરિયાદ પક્ષે તપાસેલા ઉપર્યુકત ભોગ બનનાર સાહેદોએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ ન હોય સદરહું પુરાવો ફરિયાદ પક્ષને મદદરૂપ થતો હોવાનું ગણી શકાય નહી.

(૮.૦૬) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા, આ કેસના ફરિયાદી-કીર્તિકુમાર કરશનભાઈ પટેલ(આંક-૧૦) નાઓનો પુરાવો ધ્યાને લેતા સ્કુટર પર બેસનાર વ્યકિત કોણ હતો તે તેઓને ખ્યાલ નથી અને આરોપીએ તેઓની પાસેથી બળજબરીપૂર્વક પૈસા કે વીંટી પડાવી લીધેલ હોય તેવું કંઈ બનેલ નથી. આ કેસના સાહેદ-બાબુલાલ ઉર્ફે પ્રકાશચંદ્ર શંકરલાલ મહેતા(આંક-૦૯) નાઓનો પુરાવો જોતા તેઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આ સાહેદ વિમુખ થયેલા છે. તેવી જ રીતે પંચ સાહેદ-વિપુલભાઈ ડાહયાભાઈ પારેખ (આંક-૦૫) અને પંચ-મહેશકુમાર શંકરલાલ પંચાલ (આંક-૦૭) નાઓ વિમુખ થયેલ છે અને તેઓનો મૌખિક પુરાવો ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ

નથી. વધુમાં ફરિયાદી ધ્વારા આંક–૧૪ થી વધુ પુરાવો રજૂ નહિં કરવા માટે પુરશીષ રજૂ કરવામાં આવેલ છે. આમ, આ કેસમાં ફરિયાદ પક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક પુરાવાથી બનાવની હકીકતોને સમર્થન આપેલું નથી, તેમજ હાલના આરોપીની આક્ષેપિત ગુન્હામાં સંડોવણી કઈ રીતે થયેલ છે તે બાબતે કોઈ પ્રકાશ પાડેલ નથી. આ સંજોગોમાં ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના સબળ અને સચોટ તેમજ વિશ્વસનીય પુરાવાને અભાવે આરોપીઓને આક્ષેપીત ગુના સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૮.૦૭) આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા, એ હકીકત ચોકકસ પુરાવામાં રેકર્ડ પર આવેલ છે કે આ કામે ફરિયાદ પક્ષે તપાસેલ સાહેદોએ સમર્થનકારક પુરાવો આપેલ નથી. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો કે જે સતીષ વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન – ૧૯૯૬ (૩) ક્રાઈમ્સ ૮૫ ના કેસમાં આપવામાં આવેલ છે તેમાં કરેલ અવલોકનો ધ્યાને લેવા જરૂરી છે. નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નોંધેલ છે કે જયારે મહત્વના સાહેદે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની પ્રક્રિયા પુરી કરવી આવશ્યક નથી. આમ, સદરહું ચુકાદાનો સિધ્ધાંત હાલના કેસને સંપૂર્ણપણે લાગુ પડે છે. વધુમાં ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ અને કેસમાં રજૂ થયેલ દરેક પુરાવા અને સંજોગોની કડી એક બીજા સાથે મળી પુરાવાની સંપૂર્ણ સાંકળ પુરવાર થવી જોઈએ. નામદાર ગુજરાતની વડી અદાલતનો ચુકાદો કે જે ૨૦૦૭ (૨) જી.એલ.એચ.૨૧૬ માં પ્રદર્શિત થયેલ છે તેમાં ઠરાવ્યા મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર સાબિત કરવાનો રહે છે. આ કેસમાં ફરિયાદ પક્ષના રજૂ પુરાવાથી આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૮૮, ૧૧૪ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરેલ હોવાનું માની શકાય તેમ નથી. આથી, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(ક) આ કામનાં આરોપી– પરસોતમભાઈ ઉર્ફે દાસભાઈ ગુસાભાઈ પટેલ, રહે. હિરાવાડી, અમદાવાદ વાળાઓને ફોજદારી કાર્યરીતિ સંહીતા,૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ– ૩૮૮, ૧૧૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ખ) આ કામે કબજે થયેલ મુદ્દામાલ અંગે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ અપીલ સમય બાદ શરતો ઉઠાવી લઈને કાયમ કરવામાં આવે છે. જો વચગાળા તબકકે હુકમ કરવામાં આવેલ

ન હોય તો તે બાબતે ઈન્કવાયરી કરી મુદ્દામાલ સંબંધિત અધિકૃત વ્યકિતને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(ગ) આરોપીનાં અગાઉનાં જાતમુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ઘ) ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂા.૫,૦૦૦/– ના જાત મુચરકા તેમજ તેટલી જ રકમના સધ્ધર જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–૨૪મી માહે–ઓકટોબર સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૪/૧૦/૨૦૨૪

(કમલેશ નાથાભાઈ પ્રજાપતિ)
૫માં એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ શહેર
(કોડ નં.જીજે ૦૦૮૮૬)